સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ સુદ - ૦૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

**આજનો સુવિચાર**

જે સંબંધોમાં ઝેર ઓગળી ગયું હોય, એ સંબંધોમાં અમૃત ભળે તો પણ મધુર બની શકતા નથી!

વર્ષઃ ૧૧ • અંકઃ ૨૨૭ • તારીખઃ ૧૬.૦૭.૨૦૨૬, ગુરૂવાર • પાનાઃ૪ • કિંમત રૂા. ૨.૫૦ • SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER • POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com • RNI NO. GUJ GUJ/2015/64531 • POSTAL REGISTERED NUMBER GJN-228 • OFFICE MOB. NO. 8866066060

# પીઓકેમાં બળવાની આગઃ પાકિસ્તાનના ‘આઝાદ કાશ્મીર’ના પ્રોપેગેન્ડાના લીરેલીરા ઊડ્યા

## રાવલકોટમાં ૮૦ હજારથી વધુ લોકોની રેલીમાં જેએએસી નેતા સરદાર અમન ખાનની ગર્જનાઃ ‘આ આઝાદ પ્રદેશ નથી પણ પાકિસ્તાને કબજે કરેલી ગુલામ જમીન છે’

**સમય સંદેશઃ ડેસ્ક**

પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીરમાં બળવાખોરોની ભારે આગ ભડકી ઉઠી છે, જેણે શહબાઝ સરકાર અને પાકિસ્તાની સેનાના ’આઝાદ કાશ્મીર’ વાળા ખોખલા પ્રોપેગેન્ડાના લીરેલીરા ઉડાવી દીધા છે. ગઈકાલે પીઓકેના રાવલકોટ શહેરના ઇદગાહ મેદાનમાં હજારો લોકોની એક વિશાળ રેલી યોજાઈ હતી, જેમાં અંદાજે ૮૦,૦૦૦થી વધુ લોકોની અભૂતપૂર્વ ભીડ ઉમટી પડી હતી.

આ ઐતિહાસિક રેલીમાં જોઈન્ટ અવામી એક્શન કમિટીના કદાવર નેતા સરદાર અમન ખાને ખુલ્લેઆમ ગર્જના કરતા પાકિસ્તાની હુકુમતને સીધો પડકાર ફેંક્યો હતો. તેમણે પ્રચંડ અવાજે કહ્યું કે, ’આ કોઈ આઝાદ કે વિવાદિત વિસ્તાર નથી, પરંતુ પાકિસ્તાન દ્વારા કબજે કરવામાં આવેલી ગુલામ જમીન છે અને આપણે સંપૂર્ણપણે ગુલામીના પડછાયામાં જીવી રહ્યા છીએ.’ સરદાર અમન ખાનના આ નિવેદનને હાજર જનમેદનીએ તાળીઓના ગડગડાટ સાથે પ્રચંડ સમર્થન આપ્યું હતું, જેણે પાકિસ્તાનના દાયકાઓ જૂના જૂઠાણાનો વૈશ્વિક મંચ પર પર્દાફાશ કરી દીધો છે.

પાકિસ્તાની સેના અને પોલીસની બર્બરતા સામે હવે પ્રદર્શનકારીઓ કોઈ પણ સંજોગોમાં પીછેહઠ કરવા તૈયાર નથી. પાકિસ્તાન સાથેના તમામ સંબંધો તોડી નાખવા માટે કાશ્મીરના રસ્તાઓ પર હવે આંદોલનકારીઓના રૂપમાં મહિલાઓ અને બાળકો પણ નીડરતાથી અડીખમ ઊભા રહી ગયા છે. જોઈન્ટ અવામી એક્શન કમિટી દ્વારા આ આરપારની લડાઈને વધુ તીવ્ર બનાવવા માટે ઘરે-ઘરેથી મહિલાઓ અને બાળકોને પણ રસ્તા પર ઉતરી આવવા ખાસ આહવાન કરવામાં આવ્યું છે.

પ્રદર્શનકારીઓનું સ્પષ્ટ માનવું છે કે, જ્યાં સુધી આખો કાશ્મીરી સમાજ એક થઈને શેરીઓમાં નહીં ઉતરે, ત્યાં સુધી ઇસ્લામાબાદમાં બેઠેલી આ આંધળી-બહેરી સરકારને જનતાની ચીસો સંભળાશે નહીં. મહિલાઓ અને બાળકોની આ સક્રિય ભાગીદારીએ પાકિસ્તાની સુરક્ષા દળોની ઊંઘ હરામ કરી દીધી છે. પોતાના મૂળભૂત અધિકારો માટે શાંતિપૂર્ણ અવાજ ઉઠાવનારા કાશ્મીરી નાગરિકો પર પાકિસ્તાની સુરક્ષાદળોએ ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી છે. ગઈકાલે રાવલકોટના નવા બસ ટર્મિનલ નજીક હજારો લોકો જ્યારે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા, ત્યારે સુરક્ષાદળોએ અચાનક તેમના

અનુ પાના નં.૨ પર

## ગત વર્ષે તોફાને ચઢેલા હાથી ‘બાબુ’ સહિતના ગજરાજોને રંગોથી ડિઝાઈન



રથયાત્રા રૂટ પર ગત વર્ષે ગજરાજ તોફાને ચઢેલા, ભીડથી ભડકેલા હાથીની નાસભાગમાં ઘણાં લોકો ઘવાયાં, એ ગજરાજને આ વર્ષે ટોળા વચ્ચે રહેવાની તાલીમ અપાઈ. જગન્નાથ મંદિર પરિસરની સામેના સંકુલમાં હાથીનો રંગો સાથે શણગાર શરૂ કરી દેવામાં આવ્યો છે.જેમાં દોડા દોડ કરનાર બાબુ સહિતના તમામ હાથી પર વિવિધ રંગો સાથે ભગવાન કૃષ્ણ, ફૂલોની સાથે વિવિધ ડિઝાઈન સાથે સજાવવામાં આવી રહ્યા છે.

# હાઈકોર્ટના આકરા વલણ બાદ આખરે ટીએમસી સાંસદ અભિષેક બેનર્જી કોર્ટમાં હાજરઃ આપ્યું વોઈસ સેમ્પલ

**સમય સંદેશઃ કૉલકાતા**

પશ્ચિમ બંગાળના રાજકારણમાં ભારે ચર્ચા જગાવનારા એક હાઈ-પ્રોફાઈલ કેસમાં આજે તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ અભિષેક બેનર્જી કાયદાકીય સકંજામાં ઘેરાયેલા જોવા મળ્યા હતા. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન તેમના દ્વારા આપવામાં આવેલા કથિત ધાકધમકીભર્યા ભાષણની તપાસના સંદર્ભમાં, તેઓ બુધવારે કોલકાતા નજીક આવેલી બિધાનનગર SDJM કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ


અનુ પાના નં.૨ પર

## સોનમ વાંગચુકની હાલત નાજુકઃ ૧૭ દિવસના અનશનમાં ૮.૫ કિલો વજન ઘટતાં હાઈકોર્ટમાં અરજી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

નીટ-યુજી પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી દ્વારા ચલાવવામાં આવી રહેલા વિરોધ પ્રદર્શનમાં લદ્દાખના જાણીતા શિક્ષણવિદ સોનમ વાંગચુક પણ જોડાયા છે. છેલ્લા ૧૭ દિવસથી અવિરત ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકની તબિયત હવે અત્યંત નાજુક બની ગઈ છે અને તેમનું વજન અંદાજે ૮.૫ કિલો જેટલું ઘટી ગયું છે. વાંગચુકના બગડતા સ્વાસ્થ્યને ગંભીરતાથી લઈને દિલ્હી હાઈકોર્ટમાં તાત્કાલિક જનહિત અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં જો સ્થિતિ આવી જ રહી તો આગામી બે દિવસમાં તેમનું અવસાન થવાનો ભય વ્યક્ત કરી, તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરી મેડિકલ સપોર્ટ આપવા અને અનશન તોડાવવા સરકારને આદેશ આપવાની વિનંતી કરાઈ છે.

# જન્મદિવસે મુખ્યમંત્રીએ સોમનાથ મહાદેવની વર્ચ્યુઅલ પૂજા કરી ધન્યતા અનુભવી



**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતના મુખ્યમંત્રીએ ગઈકાલે પોતાના જન્મદિવસના પાવન અવસરે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના વર્ચ્યુઅલ માધ્યમથી દર્શન કરી વિશેષ મહાપૂજામાં ભાગ લીધો હતો. આ વિશેષ ક્ષણોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર શેર કરતા તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોન્ચ કરાયેલ ‘સ્વાભિમાન પર્વ વિશેષ મહાપૂજા’ માટે તેઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. મંદિર ટ્રસ્ટના પૂજારીઓ દ્વારા મહાદેવનો રુદ્રાભિષેક સંપન્ન કરાયો હતો અને મુખ્યમંત્રીએ આગામી સમયમાં રૂબરૂ સોમનાથ ધામ જઈ દર્શન કરવાની મનોકામના પણ વ્યક્ત કરી હતી. વર્ષ ૨૦૨૬ એ સોમનાથ મંદિર માટે ઐતિહાસિક મહત્વ ધરાવે છે, કારણ

અનુ પાના નં.૨ પર

# મીઠાપુરના આરંભડા ગામે છૂટાછેડાનો ખાર રાખી, પૂર્વ જમાઈ દ્વારા સસરાની કરપીણ હત્યા

## વેવાઈ અને મિત્ર સહિત ત્રણ સામે ગુનોઃ આરોપીઓની અટકાયતઃ ગોવિંદભાઈનું ખુન કરી લાશ રેતીમાં દાટી દીધી હતી

**સમય સંદેશઃ મીઠાપુર**



ઓખા મંડળમાં ચકચારી બની આ પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ મીઠાપુર નજીક આવેલા આરંભડા વિસ્તારમાં રહેતા અને માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા ગોવિંદભાઈ ભનુભાઈ મકવાણા નામના ૫૫ વર્ષના દેવીપૂજક માછીમાર આધેડના બે લગ્ન થયા છે. તેમની ત્રણ પરિણીત પુત્રીઓ પૈકી સૌથી મોટી પુત્રી સંગીતાના લગ્ન ચોપગી (આરંભડા) વિસ્તારમાં રહેતા જય વિજયભાઈ પરમાર સાથે થયા હતા.

તેણીના લગ્નજીવન દરમિયાન સંગીતાનો પતિ જય અવારનવાર કથિત રીતે દારૂના નશામાં તેણી સાથે મારકૂટ કરતો અને ઘરમાંથી કાઢી મૂકતો હતો. તેથી કંટાળીને સમાજના રીત-રિવાજ મુજબ સંગીતાબેનના છૂટાછેડા કરાવી આપવામાં આવ્યા હોવાનું જાહેર થયું છે.

આ પછી પણ અવારનવાર જય તેના સસરા ગોવિંદભાઈના ઘરે આવતો હતો. જયના આટા-ફેરાથી કંટાળીને ગોવિંદભાઈએ તેમની પુત્રી સંગીતાને તેણીની નાની બહેન કવિતાના ઘરે મોકલી આપી હતી. છૂટાછેડાનો ખાર રાખીને અગાઉ જયએ તેના પૂર્વ સસરા ગોવિંદભાઈ મકવાણાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ગત રવિવાર તારીખ ૧૨ જુલાઈના રોજ રાત્રિના સમયે તેઓ પોતાના મોટરસાયકલ પર બેસીને તેમના નિત્યક્રમ મુજબ માછીમારીનો સર-સામાન લઈને આરંભડા સીમ વિસ્તારમાં આવેલા દરિયાકાંઠે માછીમારી કરવા માટે ગયા બાદ તેઓ ઘરે પરત ન ફરતા આ અંગે સ્થાનિક પોલીસ મથકમાં ગુમનોંધ પણ કરાવી, તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

આ પછી વધુ તપાસમાં તેમની હત્યા થયાનું જાહેર થયું છે. આ અંગે મૃતકના નાનાભાઈ અરવિંદભાઈ ભનુભાઈ મકવાણા (ઉ.વ. ૫૩, રહે. આરંભડા)એ મૃતક ગોવિંદભાઈના જમાઈ જય વિજય પરમાર, તેમના વેવાઈ રમેશ લખમણભાઈ પરમાર અને જયનો મિત્ર રામા ભીખુભાઈ વાઘેલા સામે તેમના મોટાભાઈ ગોવિંદભાઈનું ખૂન કરી તેમની લાશને રેતીમાં દાટી દીધી હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

આ અંગેની વધુ વિગતમાં સંગીતાના છૂટાછેડા બાબતનો ખાર રાખીને તેણીના પૂર્વ પતિ જય સહિતના ત્રણેય શખ્સોએ રવિવારે રાત્રે આશરે ૯:૩૦ વાગ્યાના સમયે માછીમારી કરવા ગયેલા ગોવિંદભાઈનો પીછો કર્યો હતો અને માર્ગમાં તેમને અટકાવી ઢીકાપાટુનો

અનુ પાના નં.૨ પર

# વિંછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## રાજકોટ ગ્રામ્ય એલસીબીની મોટી કાર્યવાહીઃ હિંગોળગઢથી ગુંદાળા તરફ જવાના રસ્તે વિડી વિસ્તારમાં દરોડો પાડી ૩૭૩૨ બોટલ દારૂ જપ્ત; અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી શોધખોળ શરૂ

**સમય સંદેશઃ રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ વડા દ્વારા જીલ્લામાં દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર નાબૂદ કરવા માટે આપવામાં આવેલી કડક સૂચનાઓ અન્વયે લોકલ ક્રાઇમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવી છે. રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. શાખાના સ્ટાફે ગઈકાલે વિંછીયા પોલીસ સ્ટેશન વિસ્તારના હિંગોળગઢથી ગુંદાળા ગામ તરફ જવાના રસ્તે વિડી વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો એક મોટો જથ્થો શોધી કાઢ્યો છે. આ અંગે વિંછીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર નીલિમ રાય તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ ગુનાખોરી ડામવા માટે પોલીસ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન જસદણ ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા એલ.સી.બી. શાખાના સ્ટાફના માણસોને પ્રોહિબિશન અંગેની બાતમી મળી હતી. આ મળેલ ચોક્કસ હકીકતના આધારે વિડી વિસ્તારમાં દરોડો પાડવામાં આવતા ત્યાં છુપાવી રાખવામાં આવેલ ઇંગ્લિશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૩,૭૩૨ બોટલો (જે કુલ ૩૧૧ પેટીઓમાં ભરેલી હતી) જપ્ત કરી છે. કબજે કરવામાં આવેલા આ વિદેશી દારૂના જથ્થાની કુલ કિંમત રૂપિયા ૨૫,૫૦,૧૫૨/- (પચીસ લાખ પચાસ હજાર એકસો બાવન) અંકાયેલ છે.

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં દબાણ હટાવ ઝુંબેશઃ વજનકાંટા-કાઉન્ટર-રેંકડી- કેરેટ કબજે કરાયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા બર્ધનચોક-દરબારગઢ સર્કલ થી શાક માર્કેટ વિસ્તારમાં સુધીના માર્ગ પર થી વાહનવ્યવહાર અને રાહદારીઓને અડચણરૂપ વજનકાંટા, કાઉન્ટર, રેંકડી, કેરેટ, પથારા, ટેબલ વગેરે દૂર કરવાની કાર્યવાહી અવિરત ચાલુ રાખવામાં આવી છે.

જામનગર શહેરના બર્ધનચોક વિસ્તાર, દરબારગઢ સર્કલ વિસ્તાર અને શાકમાર્કેટ વિસ્તાર સહિતના વિસ્તારોમા સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ વી.એમ.ડોડીયા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.એન.રાઠોડ દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી.

અડધો ડઝન થી વધુ રેકડી, કેબીનો વગેરે કબજે કરી લઈ મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યા છે. જામનગર મહાનગરપાલિકાના તંત્ર અને પોલીસ વિભાગની આ કાર્યવાહીને લઇને બર્ધન ચોક થી શાકમાર્કેટ વિસ્તારમાં થોડો સમય માટે ધંધાર્થીઓમાં દોડધામ થઈ હતી.


## તંત્રી સ્થાનેથી..

### કાર્બન સંગ્રહ !

દરિયાકાંઠાની ભીની જમીનો જેમ કે મેન્ગ્રોવ્સ (તાજા અને ખારા પાણીના મિશ્રણની નજીકના ગાઢ વૃક્ષો) ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો કરતાં ૫૫ ગણી ઝડપથી કાર્બન શોષે છે. પીટલેન્ડ્સ (જૈવ ઈંધણના કુદરતી સ્ત્રોતો) જે પૃથ્વીની જમીનની સપાટીના ૩ ટકાને આવરી લે છે, તે તમામ જમીન આધારિત કાર્બનનો ૩૦ ટકા સંગ્રહ કરે છે. ઈ. સ. ૧૯૭૦ થી, વિશ્વની ૩૫ ટકા વેટલેન્ડ્સ અદ્રશ્ય થઈ ગઈ છે. 'વેટલેન્ડ ઈન્ટરનેશનલ' અનુસાર, છેલ્લા ત્રણ દાયકામાં ભારતની લગભગ ૩૦ ટકા વેટલેન્ડ્સ ગાયબ થઈ ગઈ છે. આ એક ઉદાહરણ પરથી સમજી શકાય છે કે મંડલાની આદિવાસી રાણી દુર્ગાવતી દ્વારા જબલપુર શહેરમાં ૫૨ તળાવો બાંધવામાં આવ્યા હતા, પરંતુ ગેરકાયદેસર બાંધકામ અને શહેરીકરણને કારણે, હવે માત્ર થોડા, અડધા પૂર્ણ થયેલા તળાવો બાકી છે. વેટલેન્ડની ખોટ, આજીવિકાની કટોકટી અને ઊંડી થતી ગરીબીનું દુષ્ટચક્ર વેટલેન્ડ્સને પડતર જમીન તરીકે ગણવાનું પરિણામ છે, તેમ છતાં તે રોજગાર, આવક અને આવશ્યક ઈકોસિસ્ટમ સેવાઓનો જીવન ટકાવી રાખતો સ્ત્રોત છે. ઈકોસિસ્ટમ સેવાઓ માનવ સુખાકારીમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ફાળો આપે છે. જૈવવિવિધતા અને માનવીઓ માટે વિશ્વભરમાં મહત્વની ગણાતી વેટલેન્ડ્સને 'રામસર સાઈટ્સ' કહેવામાં આવે છે. કોઈપણ વેટલેન્ડને 'રામસર સાઈટ'નો દરજ્જો આપવા માટે અમુક માપદંડો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં મુખ્ય વેટલેન્ડ દુર્લભ અને પ્રાકૃતિક હોવાનો અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં લુપ્ત થતી પ્રજાતિઓના જીવન ચક્રને આશ્રય આપવાનો સમાવેશ થાય છે. ઈ. સ. ૨૦૧૮માં આંતરરાષ્ટ્રીય મહત્વના વેટલેન્ડ્સની યાદીમાં ૨૩૩૧ 'રામસર સાઈટ્સ'નો સમાવેશ થાય છે જે ૨.૧ મિલિયન ચોરસ કિલોમીટરથી વધુને આવરી લે છે. ૧૯૭૪માં ઓસ્ટ્રેલિયાના કોબર્ગ પેનિન્સુલાનો વિશ્વની પ્રથમ 'રામસર સાઈટ'માં સમાવેશ કરવામાં આવ્યો હતો.ભારતમાં ૧૩ લાખ હેક્ટરમાં ફેલાયેલી ૭૫ 'રામસર સાઈટ્સ' સાથે દક્ષિણ એશિયામાં સૌથી વધુ વેટલેન્ડ્સ છે. વર્ષ ૧૯૮૧ માં, ઓડિશાનું 'ચિલ્કા તળાવ' અને રાજસ્થાનનું 'કેઓલાદેવ પક્ષી અભયારણ્ય' ભારતના પ્રથમ 'રામસર સાઈટ્સ' તરીકે સામેલ કરવામાં આવ્યું હતું. એમાં વર્ષ ૨૦૨૩માં 'વેટલેન્ડ્સ ડે'ની થીમ વેટલેન્ડ્સને રિવાઈવિંગ એન્ડ રિસ્ટોરિંગ' હતી. ૨૦૨૪ની થીમ 'વેટલેન્ડ્સ એન્ડ હ્યુમન વેલબીઈંગ' છે. વેટલેન્ડ્સની કાર્બન શોષવાની ક્ષમતા, જંગલોની કાર્બન સંગ્રહ ક્ષમતા કરતાં બમણી છે.



# હાલારના હાલહવાલ




# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ રૂ. ૪.૫૪ કરોડની સહાય મંજૂર

## ૮૫ ગૌશાળા - પાંજરાપોળમાં આશ્રિત ૧૬,૮૨૧ પશુઓના નિભાવ માટે રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ સહયોગ

**સમય સંદેશઃ દ્વારકા**

ગૌસંવર્ધન અને પશુ કલ્યાણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગૌશાળા અને પાંજરાપોળોને મોટી રાહત મળી છે. જાન્યુઆરી-૨૦૨૬થી માર્ચ-૨૦૨૬ના ત્રિમાસિક ગાળાની નિભાવ સહાય તરીકે જિલ્લાના કુલ ૮૫ ગૌશાળા અને પાંજરાપોળમાં સંભાળવામાં આવતા ૧૬,૮૨૧ પશુઓ માટે રૂ. ૪.૫૪ કરોડની સહાય જિલ્લા કલેક્ટર દ્વારા મંજૂર કરવામાં આવી છે. મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ ગૌશાળા અને પાંજરાપોળમાં રાખવામાં આવેલા દરેક પશુ માટે દૈનિક રૂ. ૩૦ના દરે



નિભાવ સહાય આપવામાં આવે છે. આ સહાયનો મુખ્ય હેતુ ગૌશાળાઓને પશુઓ માટે પૂરતો ઘાસચારો, પોષણયુક્ત આહાર, સ્વચ્છ પીવાનું પાણી, સમયસર પશુચિકિત્સા અને અન્ય આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આર્થિક સહારો પૂરો પાડવાનો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેક ગૌશાળા અને પાંજરાપોળોમાં મોટી સંખ્યામાં નિરાધાર, વૃદ્ધ તેમજ ત્યજી દેવાયેલા પશુઓને આશ્રય આપવામાં આવે છે. આવા પશુઓની નિયમિત સંભાળ અને જાળવણીમાં નોંધપાત્ર ખર્ચ થતો હોવાથી સરકાર દ્વારા મળતી નિભાવ સહાય સંચાલકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે. આર્થિક સહાયના કારણે ગૌશાળાઓ પશુઓના આરોગ્ય અને પોષણ અંગે વધુ અસરકારક રીતે કામગીરી કરી શકશે. રાજ્ય સરકારની આ યોજના ગૌસંવર્ધનને પ્રોત્સાહન આપવાની સાથે ગૌશાળાઓને આર્થિક રીતે સશક્ત બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. જિલ્લા કલેક્ટર દ્વારા મંજૂર કરાયેલી રૂ. ૪.૫૪ કરોડની સહાયથી જિલ્લાના ૧૬ હજારથી વધુ પશુઓને સીધો લાભ મળશે તેમજ ગૌશાળા-પાંજરાપોળોની સેવાકીય પ્રવૃત્તિઓને નવી ગતિ મળશે.

# દ્વારકાના સુવર્ણ તીર્થ ખાતેના જગન્નાથ મંદિરે આજે ઉજવાશે હાંડી ઉત્સવ



દ્વારકા નજીક સુવર્ણ તીર્થ ખાતે આવેલા અને ભગવાન શ્રીકૃષ્ણના જગન્નાથ સ્વરૂપના પ્રાકટ્ય સ્થાન ગણાતા જગન્નાથજી મંદિરે દર વર્ષે અષાઢી બીજના રોજ હાંડી ઉત્સવ મનાવવામાં આવે છે. દ્વારકાના સુવર્ણતીર્થ ખાતે આજ ગુરૂવાર તા. ૧૬ ના રોજ હાંડી ઉત્સવની પરંપરાગત ઉજવણી કરવામાં આવશે. મંદિરના મહંત બજરંગદાસ બાપુના જણાવ્યા અનુસાર ગુરૂવારે સવારે ૬:૩૦ વાગ્યે મંગલા દર્શન થશે. દિવસ દરમ્યાન ઓખા મંડળ અને હાલાર તીર્થમાંથી આવતા મહિલા દર્શનાર્થીઓ દ્વારા સવારથી સાંજ સુધી ભજન-કીર્તન અને હાંડી ઉત્સવની ઉજવણી કરાશે. આ ઉત્સવમાં દ્વારકા તીર્થક્ષેત્રની આસપાસના સંસ્કૃત વિદ્યાલયોના ઋષિકુમારો પણ જોડાશે અને વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન-અર્ચન કરશે. હાંડી ઉત્સવની વિશેષતા એ છે કે સાત હાંડીમાં નીચેની હાંડી પ્રજવલિત કરવામાં આવે છે જેની જયોત ઉપરની હાંડી સુધી પહોંચે છે. બપોરે પ્રસાદીરૂપ ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## બેટ દ્વારકા યુવાને ગળા ફાંસો ખાઈ લેતા મૃત્યુ

**સમય સંદેશઃ દ્વારકા**

ઓખા મંડળના બેટ દ્વારકા વિસ્તારમાં રહેતા ગીરીરાજસિંહ હનુભા વાઢેર નામના ૩૫ વર્ષના ગરાસીયા યુવાને ગઈકાલે મંગળવારે કોઈ અગમ્ય કારણોસર બેટ દ્વારકાના કુંભાર પાડા વિસ્તારમાં આવેલા પોતાના પાણીના સંપમાં ગળાફાંસો ખાઈ લેતા તેમનો નિષ્પ્રાણ દેહ મળી આવ્યો હતો. આ બનાવ અંગેની જાણ મૃતકના પિતા હનુભા શિવુભા વાઢેરએ સ્થાનિક પોલીસને કરી છે.

# ચંદ્રાગા ગામમાં ત્રણ પૌરાણિક મંદિરોને નિશાન બનાવતા તસ્કરો

## લાખો રૂપિયાની કિંમતના ધાર્મિક આભૂષણો અને ધાતુના સામાનની ચોરીઃ સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના ચંદ્રાગા ગામમાં આવેલા ત્રણ પૌરાણિક મંદિરોને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી લાખો રૂપિયાના કિંમતી ધાર્મિક આભૂષણો અને ધાતુના સામાનની ચોરી કરતાં ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો છે. મંદિરમાં ત્રાટકેલા આરોપીઓ ૩.૧૦ લાખનો મુદામાલ ઉસેડી જતા ફરિયાદ બાદ પોલીસે આરોપી સુધી પહોંચવા સીસીટીવીના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા યશ ગીરીશભાઈ બાબુલાલ પરમારે પોતાના કૌટુંબીજનોના ચંદ્રાગા ગામે આવેલા ચામુંડા માતાજીના મંદિરમાં ચોરી મામલે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવાયા અનુસાર તા. ૧૪ જૂનથી ત્યારબાદના પાંચ-સાત દિવસ દરમિયાન તેમજ તા. ૧૧ જુલાઈ પહેલાં કોઈપણ સમયે અજાણ્યા તસ્કરોએ ચંદ્રાગા ગામના ત્રણ અલગ-અલગ પૌરાણિક મંદિરોમાં ચોરીને અંજામ આપ્યો હતો. ચામુંડા માતાજીના પૌરાણિક મંદિરમાંથી માતાજીને ચઢાવાયેલા આશરે બે કિલો વજનના પંચધાતુના બે છત્તર (કિંમત રૂ. ૮૦ હજાર) તથા બે ગ્રામ વજનનું સોનાનું છત્તર (કિંમત રૂ. ૨૦ હજાર) મળી કુલ રૂ. ૧ લાખનો મુદ્દામાલ ચોરાયો હતો.

આ ઉપરાંત ખોડીયાર માતાજીના પૌરાણિક મંદિરમાંથી આશરે ૧૪.૫ કિલો વજનનો પિત્તળનો ઘંટ (કિંમત રૂ. ૧૦ હજાર) પણ તસ્કરો ઉઠાવી ગયા હતા. જ્યારે વાકોલ માતાજીના પૌરાણિક મઢમાંથી આશરે બે તોલા વજનનું સોનાનું ફં (થળો) ચોરી કરાયું હતું, જેની કિંમત અંદાજે રૂ. ૨ લાખ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આમ, ત્રણેય મંદિરોમાંથી કુલ રૂ. ૩.૧૦ લાખના સોના, પંચધાતુ અને પિત્તળના ધાર્મિક સામાનની ચોરી થતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(ડી), ૩૩૧(૩) અને ૩૩૧(૪) હેઠળ ગુનો નોંધી આરોપીઓને શોધવા માટે તપાસ હાથ ધરી છે.

# પાકમાં દવા છાંટતી વખતે સતાપરના યુવાનનું ઝેરી અસરથી કરૂણ મૃત્યુ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના સતાપર ગામે રહેતા નારણભાઈ ભાયાભાઈ માડમ નામના ૩૪ વર્ષના આહીર યુવાન ગત તારીખ ૬ ના રોજ પોતાના ખેતરે પાકમાં દવાનો છંટકાવ કરી રહ્યા હતા, ત્યારે તેમને ઝેરી દવાની અસર થતા વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મુળુભાઈ ડાડુભાઈ માડમએ કલ્યાણપુર પોલીસને કરી છે.

# ભોગાતના યુવાનને મારી નાખવાની ધમકી સબબ ફરિયાદ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામના મૂળ રહીશ અને હાલ ગાંધીનગર ખાતે રહેતા માયાભાઈ ગગુભાઈ રૂડાચ નામના ૪૮ વર્ષના ગઢવી યુવાન સાથે ગત તારીખ ૧૭ મે ના રોજ ખંભાળિયા નજીકના માંઝા ગામે યોજાયેલી ચારણ સમાજની મિટિંગમાં થયેલી બોલાચાલીનો ખાર રાખી, આરોપી એવા માળી ગામના રહીશ લાખા ઘેલાભાઈ જામ અને ગોપાલ આશાભાઈ જામ નામના બે શખ્સોએ તેમને મોબાઈલ ફોન પર બિભત્સ ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

# ઓખામાં માછીમારી કરતા શખ્સ સામે કાર્યવાહી

**સમય સંદેશઃ ઓખા**

ઓખામાં આવેલી દામજી જેટી પાસેના દરિયામાં માછીમારી કરી રહેલા મોસીન હમીદ સંઘાર નામના ૨૫ વર્ષના શખ્સ દ્વારા હાલ ચોમાસાની ઋતુમાં માછીમારી કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અમલમાં હોવા છતાં પણ દરિયામાં માછીમારી કરતા પોલીસે ઝડપી લઇ, તેની સામે જાહેરનામા ભંગ તેમજ ફિશરીઝ એકટ હેઠળ કાર્યવાહી કરી હતી.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### ખંભાળીયા ન.પા.માં

(પાના નં. ૪ થી આગળ)

થયેલા મહેકમની ખાલી જગ્યા ઉપર નગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા રોજમદાર સફાઈ કામદારોને કાયમી થવાના હક્કોથી વંચિત રાખવાનો પ્રયાસ હોવાનું પણ જણાવાયું છે. આ રીતે નગરપાલિકામાં કહેવાતા ગેરકાયદેસર અને નિયમ વિરુદ્ધ ચાલુ કરવામાં આવનાર શહેરની સફાઈ કામગીરીના ખાનગીકરણ કરવાની અમલવારી મોકૂફ રાખવા ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ મંત્રી રમેશભાઈ વાઘેલા દ્વારા આ પત્રમાં જણાવાયું છે. આટલું જ નહીં, જરૂર પડ્યે આ અંગે ગુજરાતની ઉચ્ચ અદાલતમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું પણ વધુમાં જણાવાયું છે. આ પત્રની નકલ ગાંધીનગર સહિતની ઉચ્ચ કચેરીઓમાં પણ મોકલવામાં આવી છે. શહેરમાં સફાઈ અંગેના સળગતા પ્રશ્ન વચ્ચે ભારે ચર્ચાસ્પદ તેમજ વિવાદાસ્પદ બની ગયેલા સફાઈ કોન્ટ્રાક્ટરના આ પ્રકરણમાં વધુ એક મુદ્દો ઉમેરાયો છે.

### જામનગરમાં નંદીજી

(પાના નં. ૩ થી આગળ)

સ્થાનિક લોકોની મદદથી જે રેલિંગમાં નંદીનો પગ ફસાયો હતો, તે ભાગને તોડી નાખ્યો હતો. ત્યારબાદ સાવચેતીપૂર્વક નંદી ને બહાર કાઢીને તેને મુક્ત કરવામાં આવ્યો હતો. ભારે જહેમત અને ખેંચતાણના કારણે થાકી ગયેલો નંદી થોડો સમય રસ્તા પર જ બેસી ગયો હતો. તેના પગમાંથી ભારે રક્તસ્ત્રાવ થયો હતો, તેમ જ પગમાં એકથી વધુ ફેક્ચર પણ થઈ ગયા નું જાણવા મળ્યું છે. ત્યારબાદ મહાનગરપાલિકાની ઢોર પકડવાની ટીમ નંદીને પકડ્યા વગર જ સ્થળ પરથી પરત ફરી હતી. ઘટનાસ્થળે હાજર કેટલાક ગોપ્રેમીઓએ નંદીની પ્રાથમિક સારવાર કરી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે નંદીને નજીક ની ગૌશાળામાં લઈ જવા માટેની વ્યવસ્થા કરી હતી. અને એક વાહનમાં ચડાવી ગૌશાળામાં લઈ જવાયા હતા.

પ્રાથમિક સારવાર બાદ તેને પગમાં ત્રણથી વધુ ફેક્ચર થઈ ગયા નું જાણવા મળ્યું છે. જેને વધુ સારવાર માટે મોરબી ખસેડવામાં આવશે, અને નંદીનો પગ બચાવવા માટેના પ્રયત્નો ગૌપ્રેમીઓ દ્વારા કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

### વીજ સપ્લાય

(પાના નં. ૩ થી આગળ)

નુકસાની વેઠવી પડે છે. પીજીવીસીએલના અધિકારીઓ સમક્ષ બધા ઉધોગકારોએ સમસ્યા જણાવી જેમ બને એમ જલ્દી નિરાકરણ કરવા જણાવ્યું અને જો ટુંક સમયમાં નિરાકરણના થયું તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તથા ઉધોગ બંધ કરી દેવામાં આવશે તેમ જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશનના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતું.

### દારૂનો જથ્થો ઝડપાયો

(પાના નં. ૧ થી આગળ)

પોલીસ દરોડા દરમિયાન આ દારૂનો જથ્થો ત્યાં બિનવારસી હાલતમાં મળી આવ્યો હોવાથી, પોલીસે હાલ આ ગુનામાં સંડોવાયેલા અજાણ્યા ઇસમ સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ સફળ કામગીરી કરનાર એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યની ટીમમાં પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.રાવ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર એચ.સી.ગોહિલ તથા કે.એમ.ચાવડા, આર.વી. ભીમાણી, પી.એન.ભરવાડ, એ.એસ.આઈ. બાલકૃષ્ણ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ બાવળીયા, જીતેન્દ્રભાઈ ગોહીલ, વાઘાભાઈ આલ, રસિકભાઈ જમોડ તેમજ પોલીસ કોન્સ્ટેબલ અમિતદાન સુરુ, અશોકભાઈ ડાંગર, કાળુભાઈ ધાધલ અને ભાવેશભાઈ મકવાણા સહિતના સ્ટાફના સભ્યો જોડાયા હતા.

### સસરાની કરપીણ હત્યા

(પાના નં. ૧ થી આગળ)

તેમજ હાથમાં લોખંડના કડા વડે બેફામ માર માર્યા બાદ દોરી વડે ગળા ટુંપો દઈ અને તેમની હત્યા નિપજાવી હતી. આ પછી આરોપીઓએ દરિયાકાંઠે રેતીમાં ખાડો ખોદીને લાશને દાટી દીધી હોવાનું પણ આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસની ટીમે તાકીદની કાર્યવાહી કરી, આ પ્રકરણમાં સંડોવાયેલા ત્રણેય આરોપીઓને દબોચી લઈ, આગળની કાર્યવાહી કરવામાં આવી છે. આ બનાવે નાના એવા આરંભડા વિસ્તારમાં ભારે ચર્ચા જગાવી છે.

### 'આઝાદ કાશ્મીર'

(પાના નં. ૧ થી આગળ)

પર બર્બર હુમલો કરી દીધો હતો. આ દરમિયાન ફાટી નીકળેલી હિંસક અથડામણમાં સુરક્ષાકર્મીઓએ ભીડ પર સીધો અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં કમનસીબે ૬ નિર્દોષ નાગરિકોના મોત નીપજ્યા છે. આ અમાનુષી કાર્યવાહીના કારણે સમગ્ર પીઓકે વિસ્તારમાં સ્થિતિ અત્યંત બેકાબૂ અને તંગ બની ગઈ છે.

પાકિસ્તાની સેનાના ગોળીબારમાં માર્યા ગયેલા લોકોમાં તે વિસ્તારના અત્યંત લોકપ્રિય અને સ્થાનિક ક્રિકેટર વાજિદ હયાત પણ સામેલ હતા, જેમના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સ્થાનિક લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો છે. આ હિંસક સંઘર્ષમાં જીવ ગુમાવનારા અન્ય નાગરિકોની ઓળખ ઝાહિદ મુગલ, ઝફર મુગલ અને અરસલાન અકબર તરીકે થઈ છે. આ બર્બર અત્યાચાર અને નિર્દોષોની હત્યાઓએ ગુલામ કાશ્મીરની શાંત ટેકરીઓને ભીષણ આક્રોશની આગમાં હોમી દીધી છે અને પાકિસ્તાન શાસન સામે જનતામાં ક્યારેય ન શમે તેવો વિદ્રોહ ફાટી નીકળ્યો છે.

### અભિષેક બેનર્જી

(પાના નં. ૧ થી આગળ)

રૂબરૂ હાજર થયા હતા. આ દરમિયાન કોર્ટ પરિસરમાં કડક તબીબી અને ન્યાયિક દેખરેખ હેઠળ નિષ્ણાતોની હાજરીમાં તેમનો 'વોઇસ સેમ્પલ' (અવાજનો નમૂનો) લેવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

અભિષેક બેનર્જી લગભગ દોઢ કલાક સુધી કોર્ટ રૂમમાં રહ્યા હતા અને વોઇસ સેમ્પલિંગની વિધિ પતાવીને કોઈ પણ પત્રકારના પ્રશ્નોનો જવાબ આપ્યા વિના સીધા જ રવાના થઈ ગયા હતા. નોંધનીય છે કે, કોલકાતા હાઇકોર્ટે ૧૦ જુલાઈના રોજ તેમના પર તપાસમાં સહકાર ન આપવા બદલ સખત નારાજગી વ્યક્ત કરી હતી અને ૧૫ જુલાઈના રોજ બપોરે મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવાનો કડક આદેશ આપ્યો હતો. અગાઉ બે વખત બિધાનનગર કોર્ટના આદેશ છતાં ટીએમસી સાંસદ ગેરહાજર રહ્યા હતા, પરંતુ હાઇકોર્ટના તેવર જોયા બાદ આ વખતે તેમણે હાજર થવું પડ્યું હતું.

કોર્ટમાં હાજરી દરમિયાન સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક રાખવામાં આવી હતી. અગાઉ ૩૦ મેના રોજ જ્યારે તેઓ સોનારપુર વિસ્તારની મુલાકાતે ગયા હતા, ત્યારે તેમની સાથે છેડછાડ થઈ હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને તેમના વકીલે અગાઉથી જ સુરક્ષાની માગ કરી હતી, જેના આધારે હાઈકોર્ટે પોલીસ પ્રશાસનને સખત નિર્દેશ આપ્યા હતા કે ડાયમંડ હાર્બરના સાંસદ જ્યારે કોર્ટ કે તપાસ એજન્સી સમક્ષ જાય ત્યારે કોઈ તેમના પર ઇંડા કે શાહી ન ફેંકે અથવા અન્ય કોઈ હેરાનગતિ ન થાય તે સુનિશ્ચિત કરવું. આથી સોલ્ટ લેક સ્થિત કોર્ટ પરિસરમાં પોલીસનો મોટો કાફલો તૈનાત રહ્યો હતો.

આ સમગ્ર મામલો ૨૯ એપ્રિલના રોજ યોજાયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના પ્રચાર વખતનો છે, જ્યાં એક જાહેર સભામાં અભિષેક બેનર્જીએ વિરોધી પક્ષના નેતાઓ અને કાર્યકરો સામે કથિત ધમકીભર્યા ઉચ્ચારણો કર્યા હતા. આ મામલે તેમની સામે એફઆઈઆર નોંધાઈ હતી, જેને રદ કરાવવા તેમણે હાઇકોર્ટમાં ધા નાખી છે. ન્યાયાધીશ સૌગત ભટ્ટાચાર્યએ સ્પષ્ટ કર્યું છે કે બેનર્જીને ૩૧ જુલાઈ સુધી ધરપકડ કે કોઈ પણ બળજબરીથી કાર્યવાહી સામે જે રક્ષણ મળ્યું છે, તે તપાસમાં તેમના સહયોગ પર જ આધારિત રહેશે. હવે આ વોઇસ સેમ્પલના ફોરેન્સિક રિપોર્ટ બાદ આ કેસ નવો વળાંક લે તેવી પૂરી શક્યતા છે.

### મુખ્યમંત્રીએ સોમનાથ

(પાના નં. ૧ થી આગળ)

કે આ વર્ષે સને ૧૦૨૬માં મંદિર પર થયેલા આક્રમણના ૧૦૦૦ વર્ષ (૧ સદી) અને સને ૧૯૫૧માં સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયાસોથી થયેલી પ્રાણ-પ્રતિષ્ઠાના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ અડીખમ શૌર્યગાથાને યાદ કરવા માટે વડાપ્રધાનના હસ્તે 'મિલેનિયલ યજમાન' અને 'સોમનાથ સ્વાભિમાન પર્વ વિશેષ મહાપૂજા'નો પ્રારંભ કરાવવામાં આવ્યો છે. વડાપ્રધાને આ પર્વ નિમિત્તે સોમનાથને ભારતની અપરાજિત સભ્યતા અને ચેતનાના ધબકારા સમાન ગણાવ્યું છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ વિશેષ પૂજા વિધિ આખો દિવસ ભક્તિમય વાતાવરણમાં યોજાય છે, જેમાં ધ્વજા પૂજા, વિશેષ શૃંગાર, ૧૦૦૦ મહામૃત્યુંજય મંત્રોચ્ચાર, બ્રાહ્મણ ભોજન અને સાંજે દીપમાળા દર્શન થાય છે. આ પૂજાના યજમાનો માટે ટ્રસ્ટ દ્વારા સાગર દર્શન અતિથિગૃહમાં નિવાસ, ભોજન, વેરાવળ રેલવે સ્ટેશનથી ફ્રી પિકઅપ સુવિધા તેમજ જેઓ રૂબરૂ ન આવી શકે તેમના માટે ઘરે બેઠા લાઈવ ડિજિટલ પૂજાની વૈભવી વ્યવસ્થા કરવામાં આવી છે, જેનાથી દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ ધન્યતા અનુભવી રહ્યા છે.

# યુકેના જાણીતા પૂર્વ મહિલા સાંસદ એન વિડેકોમ્બની તેમના જ ઘરમાં ઘાતકી હત્યા

બ્રિટિશ રાજકીય જગતમાંથી એક અત્યંત ચોંકાવનારા અને આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. યુકેના પૂર્વ સાંસદ, પૂર્વ મંત્રી અને જાણીતા ટીવી સેલિબ્રિટી ૭૮ વર્ષીય એન વિડેકોમ્બની તેમના જ ઘરમાં ઘાતકી અને નિર્મમ હત્યા કરવામાં આવી છે. બ્રિટિશ આતંકવાદ વિરોધી પોલીસે મંગળવારે સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે આ એક પૂર્વ-આયોજિત અને 'લક્ષિત હુમલો' હતો. આ ચકચારી હત્યા કેસમાં આતંકવાદી કાવતરાની આશંકાને પગલે દેશની ટોચની કાઉન્ટર ટેરરિઝમ પોલીસે તપાસ પોતાના હાથમાં લીધી છે. નેશનલ કાઉન્ટર ટેરરિઝમ પોલીસિંગના વડા લોરેન્સ ટેલરે પત્રકારોને જણાવ્યું હતું કે, આ હુમલો અત્યંત ક્રૂર અને સુનિયોજિત હતો. પોલીસને દક્ષિણપશ્ચિમ ઇંગ્લેન્ડના એક એકાંત ગ્રામીણ વિસ્તારમાં આવેલા વિડેકોમ્બના ઘરમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો, જેના પર ગંભીર ઇજાઓના નિશાન હતા. આ ઘટના બાદ તપાસ એજન્સીઓએ ત્વરિત કાર્યવાહી કરીને ઉત્તર ઇંગ્લેન્ડમાંથી એક ૨૮ વર્ષીય શંકાસ્પદ યુવકની ધરપકડ કરી છે. શરૂઆતમાં સામાન્ય હત્યાની આશંકા હેઠળ ધરપકડ કરાયેલા આ યુવકની કસ્ટડી દરમિયાન મળેલા ચોંકાવનારા પુરાવાઓને આધારે, હવે તેની પર આતંકવાદી કાયદા હેઠળ ગુનો નોંધીને પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

# ન.પ્રા.શિ.સ.ની શાળાઓમાં શિક્ષણ સુધારણા માટે નિપુણ ગુજરાત એપ્લીકેશન લોન્ચ

## મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયો કાર્યક્રમ, આગામી પરખ સર્વેક્ષણમાં શ્રેષ્ઠ પરિણામનો સંકલ્પ

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલા 'નિપુણ ગુજરાત અભિયાન' અંતર્ગત ત્રિવર્ષીય શૈક્ષણિક આયોજનને વધુ અસરકારક બનાવવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જામનગર દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ધોરણ ૧ થી ૮ના અંદાજે ૧૩,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન અને ગણન કૌશલ્યનો સર્વાંગી વિકાસ થાય તેમજ શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થાય તે હેતુથી 'નિપુણ ગુજરાત' એપ્લિકેશનનું લોન્ચિંગ કરવામાં આવ્યું. અંગ્રેજી માધ્યમ શાળામાં યોજાયેલા આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ શિક્ષકોને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત કકનાણી, શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ, રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદ્રકાંત ખાખરીયા, સમિતિના


તસવીરઃ હિરેન ગાંધી

હોદ્દેદારો, સીઆરસી કો-ઓર્ડિનેટરો તેમજ વિવિધ શાળાના આચાર્યો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકારના શિક્ષણમંત્રી અને શિક્ષણ સચિવના માર્ગદર્શન હેઠળ યોજાયેલી સમીક્ષા બેઠકના અનુસંધાનમાં આ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શિક્ષકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, વિદ્યાર્થીઓના શૈક્ષણિક મૂલ્યાંકન અને અભ્યાસને વધુ અસરકારક બનાવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે જણાવાયું હતું કે, 'નિપુણ ગુજરાત' એપ્લિકેશનના ઉપયોગથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે તેમજ આગામી પરખ સર્વેક્ષણમાં જામનગરની શાળાઓનું પ્રદર્શન વધુ ઉત્તમ બને તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે આ એપ્લિકેશનના નિર્માણમાં શિક્ષક પરેશભાઈ સાહત્યા, સંજયભાઈ મેશિયા અને સંજયભાઈ ચાંદ્રા સહિતની ટીમે મહત્વપૂર્ણ જહેમત ઉઠાવી છે.

# જામનગરમાં હોર્ન વગાડવા બાબતે પુત્ર સાથે ઝઘડા બાદ મહિલાની છેડતી

## શહેરના ગોકુલનગર નજીક આવેલ મારૂતિનગરમાં બની ઘટનાઃ ચાર શખ્સોએ છેડતી કર્યા બાદ હુમલો કરી મહિલાને આપી જાનથી મારી નાખવાની ધમકીઃ પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલ નગર નજીક મારુતિ નગર વિસ્તારમાં રહેતી એક મહિલાએ આરોપી મહેશસિંહ, લખનસિંહ, પૃથ્વીરાજસિંહ અને ભરતસિંહ સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદીના દીકરા અને આરોપી મહેશસિંહના દીકરાને વાહનના હોર્ન વગાડવા બાબતે ઝઘડો થયો હતો.

આ દરમિયાન તા. ૯ જુલાઈની રાત્રે આશરે નવ વાગ્યે મહિલા પોતાના ઘરે હતા ત્યારે ચારેય શખ્સો તેમના ઘરે ધસી આવ્યા હતા. ઘરના દરવાજા પર લાકડાનો ધોકો પછાડી તેમના દીકરાઓ વિશે પૂછી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. મહિલા તથા તેમના બંને દીકરાની પત્નીઓ બહાર નીકળતાં આરોપીઓમાંથી એકે લાકડાના ધોકાથી મહિલાના જમણા પગના સાથળના ભાગે માર મારતા તેઓ નીચે પડી ગયા હતા અને તેમને મુઢ ઈજા પહોંચી હતી.

આરોપી મહેશસિંહે તેમના દીકરાએ તેના દીકરાને કેમ માર માર્યો હોવાનું કહી હુમલો કર્યો હતો. દરમિયાન મહિલાના અને પુત્રવધુ બચાવવા વચ્ચે પડતાં તેને પણ ધક્કો મારી જમીન પર પછાડી દેવામાં આવી હતી. બાદમાં મહિલાના વસ્ત્રો ખેંચી છેડતી કર્યાનો પણ આરોપ લગાવ્યો છે.

બૂમાબૂમ થતાં આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. ત્યારબાદ મહિલા અને તેમની પુત્રવધૂને પરિવારજનો જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. મહિલાને પગમાં થયેલી ઈજાના કારણે હાલચાલ કરવામાં તકલીફ પડતી હોવાથી ફરિયાદ મોડેથી નોંધાવી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં ત્રણ સ્થળોએ જુદા દરોડામાં સાત મહિલાઓ સહિત ૧૪ ઝબ્બે

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં નગર ગેઈટ વિસ્તારમાં આવેલા મહેશ્વરી નગરમાં રહેતા રાજીબેન વેરશીભાઈ ડોરૂ નામના ૩૫ વર્ષના મહિલા દ્વારા પોતાના અંગત ફાયદા માટે બહારથી માણસો બોલાવીને તેમના રહેણાંક મકાનમાં ચલાવતા જુગારના અખાડા પર સ્થાનિક પોલીસે દરોડાની કાર્યવાહી કરી હતી.

આ સ્થળેથી પોલીસે રાજીબેન વેરશીભાઈ ડોરૂ, લક્ષ્મીબેન રમેશભાઈ ડોરૂ, ધનીબેન ભનુભાઈ ચાવડા, હીરીબેન રાજુભાઈ માતમ એવી બેન નારણભાઈ જોડ,




નાગલબેન નારણભાઈ પિંગળશુર અને હંસાબેન હરિભાઈ બથવાર નામના સાત મહિલાઓને ઝડપી લઇ, કુલ રૂ. ૨૫,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ખંભાળિયા નજીકના માર્ગ પર અત્રેથી આશરે ૨૨ કિલોમીટર દૂર ભાતેલ અને સોનારડી રોડ પરના સીમ વિસ્તારમાંથી ભાતેલ ગામના રહીશ રાજદીપસિંહ નારુભા જાડેજા નામના ૨૨ વર્ષના શખ્સ દ્વારા પોતાના અંગત આર્થિક ફાયદા માટે પોતાની વાડીએ આવેલા મકાને બહારથી માણસો ભેગા કરાવી અને અહીં જુગાર રમવા માટે લાઈટ, પાણી અને અન્ય સાધનોની વ્યવસ્થા પૂરી પાડીને તેના બદલામાં નાલ ઉઘરાવી રમાડતા ગંજીપત્તાના જુગાર પર એલસીબીની ટીમે દરોડાની કાર્યવાહી કરી હતી. આ સ્થળેથી પોલીસે રાજદિપસિંહ નારુભા જાડેજા, દુલા શામરા લુણા, મેરુ નારણ ચાવડા અને કાસમ હારુન ગજીયા નામના ચાર શખ્સોને ઝડપી લઇ, રૂપિયા ૧,૦૩,૮૦૦ ની રોકડ રકમ તથા ચાર મોબાઈલ ફોન અને એક મોટરસાયકલ તથા એક મોટરકાર સહિત કુલ રૂપિયા ૧,૯૯,૩૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

ખંભાળિયાથી આશરે ૨૭ કિલોમીટર દૂર આંબરડી ગામેથી પોલીસે ભોજા મારખી ભાટુ, ભીમશી દેવશી વસરા અને નારણ જીવા ભાટુ નામના ત્રણ શખ્સોને ગંજીપાના વડે જુગાર રમતા ઝડપી લઈ, કુલ રૂ.૧,૧૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# જામનગરમાં નંદીજીને પકડવાની કામગીરી દરમિયાન અફરાતફરી

## ઢોર પકડવાની ગાડીની રેલિંગમાં પગ ફસાતા નંદી લટક્યો, ગૌ પ્રેમીઓ અને સ્થાનિકોએ રેલીંગ તોડી મુકત કર્યો


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સાંઢીયા પૂલ વિસ્તારમાં મંગળવારે સાંજે અંદાજે સવા સાત વાગ્યાના અરસામાં મહાનગરપાલિકાની ઢોર પકડવાની ટીમ એક નંદીને પકડવા માટે પહોંચી હતી. ટીમ દ્વારા દોરડાની મદદથી નંદીને પકડી ને વાહનમાં ચડાવ્યાબાદ કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન અચાનક નંદીનો એક પગ મહાનગરપાલિકાની ઢોર પકડવાની ગાડીની રેલિંગમાં ફસાઈ જતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અને આશરે ૭૦૦ કિલો જેટલા વજનનો નંદી લાંબો સમય સુધી ઢોર પકડવાના વાહનની રેલિંગમાં લટકી રહ્યો હતો.

ઘટનાની જાણ થતાં ગોપ્રેમીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. નંદી લાંબા સમય સુધી રેલિંગમાં ફસાઈ રહેતાં લોકોમાં ચિંતા વ્યાપી હતી, અને ઘટનાસ્થળે થોડા સમય માટે ભારે ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. અંતે ગૌરક્ષા અભિયાન સાથે જોડાયેલા આશુતોષ પાઠક તથા અન્ય ગૌ પ્રેમીઓ અને મહાનગરપાલિકાની ટીમે

અનુ પાના નં.૨ પર

# દ્વારકામાં બેફામ ટ્રકની અડફેટે મહિલા ગંભીર રીતે ઘાયલ

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકામાં વધુ એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના પોરબંદર હાઈવે પર પૂરઝડપે અને બેદરકારી પૂર્વક દોડી રહેલા ટ્રકે એક મહિલાને અડફેટે લેતાં તેઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત બન્યા હતા. અકસ્માતમાં મહિલાને કમર તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ફ્રેક્ચર થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર બનાવ અંગે દ્વારકા પોલીસે ટ્રકચાલક સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, દ્વારકાના બિરલા પ્લોટ વિસ્તારમાં રહેતા હેમાબેન જીવણભાઈ મકવાણા, ઉં.વ. ૫૨ (લુહાર) તેઓ ગત ૯ જુલાઈના રોજ શહેરના પોરબંદર હાઈવે પરથી પોતાના કામસર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન જી.જે. ૩૭ ટી. ૯૫૫૮ નંબરનો ટ્રક પૂરઝડપે આવી રહ્યો હતો. ટ્રકના ચાલકે વાહન પરનો કાબૂ અને જરૂરી સાવચેતી ન રાખતાં મહિલાને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત બાદ મહિલા રસ્તા પર પટકાતા આસપાસના લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકોની મદદથી તેમને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબી તપાસ દરમિયાન મહિલાને કમર અને પગમાં ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ થઈ હોવાનું બહાર આવ્યું હતું. હાલ તેમની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળે છે. ઘટનાની જાણ થતાં દ્વારકા પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માત અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ઇજાગ્રસ્ત મહિલાની ફરિયાદના આધારે ટ્રકચાલક સામે બેદરકારીપૂર્વક અને જોખમી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જવાના ગુનાની નોંધ કરવામાં આવી છે. પોલીસે ટ્રક કબજે લઈ અકસ્માત અંગે વધુ તપાસ શરૂ કરી છે તેમજ અકસ્માત કેવી પરિસ્થિતિમાં સર્જાયો તેની વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. તાજેતરના સમયમાં શહેર અને હાઈવે પર ભારે વાહનોની બેફામ ગતિને કારણે માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

# જામનગર શહેરમાં મેઘરાજાની ફરી હાથતાળી વરસાદની રાહમાં નગરજનો અને ખેડૂતો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો હોવા છતાં મેઘરાજા મનમુકીને વરસ્યા નથી. આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાઈ રહ્યા છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી રહી છે, પરંતુ નોંધપાત્ર વરસાદ હજુ સુધી થયો નથી.

જેના કારણે શહેરજનો તેમજ ખેડૂતોમાં નિરાશા વ્યાપી છે. સોમવારે બપોર બાદ જામનગર શહેરમાં ઘેરા વાદળો છવાતા સારા વરસાદની આશા જાગી હતી. જોકે મેઘરાજાએ ફરી એક વખત હાથતાળી આપી હતી. રાત્રે લગભગ ૧૦ વાગ્યા બાદ શહેરના કેટલાક વિસ્તારોમાં માત્ર સામાન્ય છાંટા અને ઝાપટાં સ્વરૂપે વરસાદ નોંધાયો હતો. થોડા સમય બાદ વરસાદ બંધ થઈ જતા લોકોની આશા પર ફરી પાણી ફરી વળ્યું હતું.

જામનગર શહેર ઉપરાંત લાલપુર વિસ્તારમાં પણ ગઈકાલે સવારે માત્ર અંદાજે ૩ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. તે સિવાય જિલ્લાના અન્ય કોઈ તાલુકા મથકે નોંધપાત્ર વરસાદ નોંધાયો નથી. વરસાદના અભાવે ખેડૂતો ચિંતિત બન્યા છે અને ખેતી માટે પૂરતા વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. હાલમાં જિલ્લામાં વાદળછાયું વાતાવરણ યથાવત છે.

# દ્વારકા જિલ્લામાં વરસાદ હળવા છાંટા : મુશળધાર વરસાદની જોવાતી રાહ

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સોમવારે રાત્રે તેમજ ગઈકાલે સવારે જુદા જુદા વિચારોમાં ધીમીધારે હળવા ઝાપટા વરસ્યા હતા. કલ્યાણપુર તાલુકામાં સોમવારે રાત્રિના તેમજ ગઈકાલે સવારના ચઢતા પહોરે ભારે ઝાપટા રૂપે ૩ મી.મી. વરસાદ વસી ગયો હતો. આ સાથે ખંભાળિયા વિસ્તારમાં પણ ગઈકાલે સવારે સાડા પાંચ વાગ્યા આસપાસના સમયે જોરદાર ઝાપટું વરસી જતા શહેરના માર્ગો પાણીથી તરબોળ બન્યા હતા. ભાણવડ પંથકમાં ગઈકાલે સવારે ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાદળોની આવન-જાવન વચ્ચે ગઈકાલે સવારે સૂર્યનારાયણના દર્શન પણ થયા હતા. વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જો કે મુશળધાર વરસાદની આગાહી આશા ઠગારી નીવડી રહી છે. ત્યારે હવે મેઘરાજા રૂસણા છોડી અને ધોધમાર વરસે તેમ તમામ ધરતીપુત્રો સાથે જિલ્લાની જનતા ઈચ્છી રહી છે.

# રથયાત્રા પહેલાં જામનગરમાં પોલીસનું ફૂટપેટ્રોલીંગ







તસવીરઃ હિરેન ગાંધી

જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ અને સુરક્ષિત માહોલમાં સંપન્ન થાય તે માટે જામનગર પોલીસ દ્વારા સાબદુ બન્યું છે. કાયદો અને વ્યવસ્થાને વધુ સઘન બનાવવાના ભાગરૂપે ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના અધ્યક્ષસ્થાને શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. આ પેટ્રોલિંગ દરમિયાન સિટી એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ અને કર્મચારીઓ દ્વારા ખંભાળિયા ગેટ, હવાઈ ચોક, પંચેશ્વર ટાવર, માંડવી ટાવર, દરબારગઢ વિસ્તાર તેમજ બાલહનુમાનજી મંદિર આસપાસના વિસ્તારમાં પગપાળા ફરી સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન સ્થાનિક વેપારીઓ અને નાગરિકો સાથે પણ સંવાદ સાધી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા સતત બંદોબસ્ત, પેટ્રોલિંગ અને ચાંપતી નજર રાખવામાં આવશે.

# મોખાણાની સીમમાં દિપડાને પકડવા માટે ત્રીજું પાંજરૂ મુકાયું



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના નવી મોખાણા ગામની સીમમાં છેલ્લે તા. ૨૭ જુનના રોજ દીપડો જોવા મળ્યો હતો વન વિભાગના કેમેરામાં કેદ થયા બાદ દીપડાને પકડવા કવાયત હાથ ધરાઈ રહી છે પંથકમાં છેલ્લા ૨૦ દિવસથી દીપડાની દહેશત છતાં વન તંત્રનો પન્નો ટૂંકો પડતો હોય તેમ હજુ સુધી દીપડો પાંજરે પુરાયો નથી. સીમ વિસ્તારમાં દીપડો દેખાયા બાદ આ નિશાચર પ્રાણીના ડરને લઈને લોકો રાત્રિના સમયે ખેતરોમાં જતાં ડર અનુભવી રહ્યા છે. લોકો અને પાલતું પશુઓની સુરક્ષાને ધ્યાને રાખીને વન વિભાગ દ્વારા અલગ-અલગ દિશામાં બે પાંજરા ગોઠવવાયા બાદ હાલ વધૂ એક ખુલ્લા મારણ સાથેનું પાંજરું મૂકવામાં આવ્યું છે.જુદી-જુદી સીમમાં પાંજરા ગોઠવવામાં આવ્યા છે. વન વિભાગની ટીમ દ્વારા દીપડાની હિલચાલ પર નજર રાખવા માટે સઘન સર્ચ ઓપરેશન પણ ચાલુ છે. સાથે જ વન વિભાગ દ્વારા આસપાસના વિસ્તારના લોકોને રાત્રિના સમયે સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

# પાછતરડીનો શખ્સ પાયલોટિંગ સાથે દારૂ લઈને નીકળતા ઝડપાયો બે શખ્સોની અટકાયતઃ સપ્લાયરની શોધખોળ

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ તાલુકાના પાછતરડી ગામે રહેતા માંડા કરમણ હૂણ નામના ૨૨ વર્ષના શખ્સને રૂ. ૩૦,૦૦૦ ની કિંમતના ૧૫૦ લીટર દેશી દારૂના જથ્થાને લઈને ટીવીએસ મોટરસાયકલ પર નીકળતા પોલીસે ઝડપી લીધો હતો. આ શખ્સને અન્ય એક આરોપી એવા આ જ ગામના રહીશ અમરા કરમણ હૂણ (ઉ.વ.૨૧) દ્વારા અન્ય મોટરસાયકલ મારફતે પાયલોટિંગ કરવામાં આવતું હતું. આ પ્રકરણમાં પોલીસે ઉપરોક્ત બંને શખ્સોને દારૂ, બાઈક, મોટરસાયકલ અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ બનાવમાં સપ્લાય તરીકે ભાણવડ તાલુકાના ધામણીનેસ ગામે રહેતા રામા ઉર્ફે રામુડી ભુરાભાઈ રબારી નામના શખ્સનું નામ ખુલવા પામ્યું છે.

# વીજ સપ્લાયની મુશ્કેલીથી ત્રાસેલાં ઉદ્યોગકારોની બેઠક

**સમય સંદેશઃ જામનગર**

દરેડ જીઆઈડીસીમાં આશરે બસો જેટલા ઉધોગકારો એકત્રીત થયા હતા અને પીજીવીસીએલના અધિકારીઓને મીટીંગ માટે બોલાવ્યા હતાં. અંદાજે ત્રણ ચાર વર્ષથી પાવર સપ્લાયના લીધે અનેક ઉધોગકારોને ખુબ જ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે અવારનવાર

અનુ પાના નં.૨ પર


તસવીરઃ હિરેન ગાંધી

# ૪૫૦ કિ.મી.ની લાંબી પદયાત્રા પૂર્ણ કર્યા બાદ ખેડૂતો દ્વારકાધીશના શરણે

**સમય સંદેશઃ દ્વારકા**

જમીન સંપાદન અને વીજ ટ્રાન્સમિશન લાઇનના મુદ્દે ખેડૂતોના હકો માટે શરૂ કરાયેલી 'કિસાન સંઘ'ની આશરે ૪૫૦ કિલોમીટરની પદયાત્રા ૧૯ દિવસ બાદ દ્વારકા પહોંચી હતી. વ્રજવાણીથી પ્રસ્થાન કરેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. દ્વારકાના મુખ્ય માર્ગો પર પસાર થયેલી યાત્રા દરમિયાન ખેડૂતોએ સરકાર, વીજ કંપનીઓ તેમજ અદાણી કંપની સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

જગત મંદિર ખાતે પહોંચેલા ખેડૂતોએ દ્વારકાધીશના ચરણોમાં પોતાની વેદના રજૂ કરી ધ્વજાજી સાથે આવેદનપત્ર અર્પણ કર્યું હતું. ખેડૂતોનું કહેવું હતું કે, તેમની ખેતીની જમીન સંપાદન અને વીજ લાઇનના થાંભલા ઉભા કરવાની પ્રક્રિયામાં પૂરતું વળતર આપવામાં આવતું નથી, જેના કારણે ખેડૂતોને આર્થિક અને માનસિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

આ આયોજનમાં કિસાન સંઘના અગ્રણી પાલ આંબલિયાએ સરકારની નીતિઓ પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોના ખેતરોમાં નહીં પરંતુ તેમની છાતીમાં થાંભલા ખોદવામાં આવી રહ્યા છે. તેમણે ખેડૂતોની પીડા વ્યક્ત કરતાં જણાવ્યું કે વિકાસના નામે ખેડૂતોના હિતોની અવગણના કરવામાં આવી રહી છે.

ખેડૂત આગેવાનોએ માંગણી કરી હતી કે જમીન સંપાદન બદલ બજાર ભાવના ચાર ગણા વળતર ચૂકવવામાં આવે અથવા અસરગ્રસ્ત ખેડૂતોને દર મહિને ભાડું આપવામાં આવે. ઉપરાંત વીજ ટ્રાન્સમિશન લાઇનના દરેક થાંભલા દીઠ રૂ. ૨ કરોડનું વળતર ચૂકવવાની પણ માંગ કરવામાં આવી હતી. કિસાન સંઘના આગેવાનોએ અદાણી કંપની સહિત સંબંધિત વીજ કંપનીઓ સામે પણ





આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડતી નીતિઓને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં અસંતોષ વધી રહ્યો છે. સમગ્ર પદયાત્રા દરમિયાન ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને દ્વારકાધીશ સમક્ષ ન્યાયની પ્રાર્થના સાથે પોતાના અધિકારો માટે લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# જામનગરમાં વ્યાજખોરના ત્રાસથી ભંગારના ધંધાર્થી યુવકે કર્યો આપઘાત

## શંકરટેકરી વિસ્તારમાં રહેતાં યુવાને લોનના હપ્તા ભરવા ત્રણ શખ્સો પાસેથી વ્યાજે લીધેલા પૈસાની વસુલાત માટે સતત મળતી હતી ધમકી : યુવકે ઝેરી દવા પી જીવનલીલા સંકેલી લીધાની ઘટના મામલે નોંધાઇ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના કિશાન ચોક બકાલા માર્કેટ વિસ્તારમાં રહેતા અમરીશભાઈ કિશોરાભાઈ ચાન્દ્રા એ આરોપી નિલેશ રઘુભાઇ ગંઢા (રહે. પટેલ પાર્ક જામનગર), શિવરાજસિંહ ઉર્ફે શિવો નરેન્દ્રસિંહ જાડેજા (રહે મયુર ગ્રિન સોસાયટી ૮૦ ફુટ રીંગ રોડ), મુનાભાઇ વલ્લભભાઇ વસિયર (રહે શંકર ટેકરી શાસ્ત્રિનગર - જામનગર) સામે નોંધાવેલી ફરિયાદ મુજબ મૃતક આશિષભાઈ વર્ષ ૨૦૧૮માં કેપરી ગ્લોબલ ફાઇનાન્સ પાસેથી કિશાન ચોક ખાતે આવેલા માતાના મકાન પર મોર્ગેજ રાખી અંદાજે રૂ. ૨૫.૯૪ લાખની લોન લીધી હતી.

દર મહિને રૂ. ૩૮,૫૩૦નો હપ્તો ભરવાનો હતો. શરૂઆતમાં હપ્તા ભરાયા હતા, પરંતુ વર્ષ ૨૦૧૯માં પિતાના અવસાન બાદ આશિષભાઈ ડિપ્રેશનમાં આવી જતા ધંધો બંધ થઈ ગયો અને હપ્તા નિયમિત ભરાઈ શક્યા નહોતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ આશિષભાઈએ અત્યાર સુધીમાં આશરે રૂ. ૨૨ લાખની ચુકવણી કરી હોવા છતાં ફાઇનાન્સ કંપની તરફથી હજુ રૂ.૩૬ લાખ બાકી હોવાનું કહી સતત દબાણ કરવામાં આવતું હતું. કંપનીના અધિકારીઓ નયનભાઈ મોરી અને દિગ્વિજયસિંહ ઉર્ફે દિગુભા વાઘેલા વારંવાર ફોન કરીને હપ્તા ભરવા દબાણ કરતા હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

બાદમાં આશિષભાઈએ લોનના હપ્તા ભરવા માટે શહેરના નિલેશ રઘુભાઈ ગંઢા (પટેલ પાર્ક), શિવરાજસિંહ ઉર્ફે શિવો નરેન્દ્રસિંહ જાડેજા (મયુર ગ્રીન સોસાયટી) અને મુનાભાઈ વલ્લભભાઈ વસિયર (શંકર ટેકરી) પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. ફરિયાદ મુજબ ત્રણેય આરોપીઓ વ્યાજની ઉઘરાણી માટે સતત દબાણ, ધમકી અને માનસિક ત્રાસ આપતા હતા.

મૃતકે ઘટના પૂર્વે ૧૩ જુલાઈની રાત્રે પોતાના ભાઈ અમરીશભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે, તે વ્યાજના ચક્રમાં ફસાઈ ગયો છે અને વ્યાજખોરો તેમજ ફાઇનાન્સ કંપની તરફથી સતત ઉઘરાણીનું દબાણ થઈ રહ્યું છે. પરિવારજનો સાથેની ચર્ચામાં પણ તે આર્થિક બોજ અને ઉઘરાણીના ત્રાસની વાત કરતો હતો. બીજા દિવસે પડોશીઓ આશિષભાઈના ઘરે પહોંચતા તેઓ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસ તપાસ દરમિયાન આશિષભાઈએ સલ્ફર પાઉડર જેવી ઝેરી દવા પી આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

સ્થળ પરથી મળેલી સુસાઇડ નોટ અને અન્ય પુરાવાના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. પોલીસે આરોપીઓ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ફરિયાદમાં જણાવાયું છે કે વ્યાજની ઉઘરાણી અને સતત માનસિક ત્રાસથી કંટાળી આશિષભાઈએ આ અંતિમ પગલું ભર્યું હતું. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# જામનગર જિલ્લામાં પાકને બચાવવા સૌની યોજનાનું પાણી આપવા આપની માંગણી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના તાલુકાઓમાં ઉભા પાકને બચાવવા સૌની યોજના લિંક-૧ અને લિંક-૩ હેઠળના ડેમો, તળાવો અને ચેકડેમોમાં સિંચાઈનું પાણી છોડવા બાબતે જામનગર આમ આદમી પાર્ટીના પ્રમુખ વશરામભાઇ રાઠોડે મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

આવેદનપત્રમાં જણાવવાનું છે કે, ચાલુ વર્ષે જામનગર જિલ્લામાં વરસાદ ખેંચાવાને કારણે અથવા અપૂરતા વરસાદને લીધે ખેડૂતોનો કિંમતી ઉભો પાક સુકાઈ જવાની આરે છે. જો આગામી દિવસોમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી નહીં મળે, તો મોંઘા ભાવના બિયારણ, ખાતર અને રાત-દિવસની મહેનત નિષ્ફળ જશે, જેનાથી જગતનો તાત આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ જશે. જામનગર જિલ્લાના જોડીયા, જામનગર, ધ્રોલ, કાલાવડ, લાલપુર અને જામજોધપુર તાલુકાના હજારો ખેડૂતોના કૃષિ પાકને જીવતદાન આપવા માટે સૌની યોજના આશીર્વાદરૂપ બની શકે તેમ છે.

સૌની યોજના લિંક-૧ અને લિંક-૩ અંતર્ગત નીચે દર્શાવેલા જળાશયોમાં નર્મદાના નીર વહેલામાં વહેલી તકે છોડવામાં આવે તેવી માંગ કરી છે. પત્રમાં જણાવ્યું છે કે ઊંડ-૧, ઊંડ-૨, ઊંડ-૩, ઊંડ-૪ ડેમ, કંકાવટી ડેમ, આજી-૩, આજી-૪ ડેમ, સપડા ડેમ, રૂપારેલ ડેમ સસોય ડેમ, રણજીત સાગર, રંગમતી ડેમ, વીંજરખી ડેમ અને વોડીસાંગ ડેમ.અન્ય જળાશયોઃ સંબંધિત તાલુકાઓ હેઠળ આવતા મોટા તળાવો અને ચેકડેમો.

જો આ ડેમો અને ચેકડેમોને સૌની યોજના હેઠળ જોડીને તાત્કાલિક પાણી આપવામાં આવે, તો ભૂગર્ભ જળના સ્તર પણ ઊંચા આવશે અને ઉભો પાક સંપૂર્ણપણે બચી જશે. જામનગર જિલ્લાના ખેડૂતોના વ્યાપક હિતને ધ્યાને લઈ આ બાબતે આપના સ્તરેથી સત્વરે હકારાત્મક નિર્ણય લેવાઈ અને સંબંધિત વિભાગને તાકીદની સૂચના આપવામાં આવે તેવી રજૂઆત આમ આદમી પાર્ટીના પ્રમુખ વશરામભાઇ રાઠોડે કરી છે.

# ખંભાળીયા ન.પા.માં સફાઈ કામગીરીના કોન્ટ્રાકટરનો અમલ મોકુફ રાખવા સફાઈ કામદાર મંડળ દ્વારા માંગ

## કોન્ટ્રાકટ કાર્યમાં વિવિધ કાયદાનું ઉલ્લંઘન થતું હોવાનો ઉલ્લેખ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ભારે વિવાદાસ્પદ બની ગયેલા કચરા નિકાલ તેમજ સફાઈના અભાવ વચ્ચે તાજેતરમાં નગરપાલિકા દ્વારા ખાનગી કંપનીને આપવામાં આવેલા સફાઈ કામગીરીના કોન્ટ્રાક્ટ સંદર્ભે અહીંના ગુજરાત સફાઈ કામદાર મહામંડળ દ્વારા પાલિકા તંત્રને એક પત્ર (નોટિસ) પાઠવીને આ કોન્ટ્રાક્ટનો અમલ મોકૂફ રાખવાની માંગ કરવામાં આવી છે. આ મહત્વના મુદ્દે ખંભાળિયા નગરપાલિકાને પાઠવેલા પત્રમાં જણાવાયું છે કે ગુજરાત સફાઈ કામદાર મહામંડળ કે જે ટ્રેડ યુનિયન એક્ટ હેઠળ રજીસ્ટર થયેલું યુનિયન છે, તેમના દ્વારા આવશ્યક જાહેર સેવાને વરેલા કામદારોની નોકરીની કાયદેસરના બંધારણીય હક્ક અને અધિકારો પ્રશ્ને રજૂઆત કરવાની કામગીરી કરવામાં આવી છે.

જેમાં જણાવ્યું છે કે નગરપાલિકામાં શહેરના કેટલાક જાહેર રોડ રસ્તાઓની સફાઈ કામગીરીનો કોન્ટ્રાક્ટ કોઈ ખાનગી એજન્સીને સોંપવાની પ્રક્રિયા તેમજ વર્ક ઓર્ડર આપવાની કામગીરી કરવામાં આવી છે. ત્યારે જુદા જુદા અધિનિયમ સંદર્ભે સંસ્થામાં દૈનિક જરૂરિયાત મુજબની કામગીરી હોય, કે જે કામગીરી કરવાની જરૂરિયાત રહેતી હોય, આવી સંસ્થામાં કોન્ટ્રાક્ટથી કામગીરી રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટના ચોક્કસ ઓર્ડરથી રાજ્યની નગરપાલિકાઓમાં આવશ્યક જાહેર સેવાઓને લગતી સફાઈ કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવાના અમલને સ્થગિત કરી અને સ્ટે આપવામાં આવ્યો છે.

જેનો સરકારે સૈદ્ધાંતિક સ્વીકાર કરી અને સક્ષમ ઓથોરિટી દ્વારા નગરપાલિકાઓ તેમજ તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસરને પાલિકામાં આઉટ સોર્સિંગ ની અમલવારીને સ્થગિત કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. તેમ છતાં પણ ખંભાળિયા નગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટ લેબર પ્રતિબંધ અધિનિયમનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવાનું આ પત્રમાં જણાવાયું છે.

ખંભાળિયા નગરપાલિકામાં સફાઈની કામગીરી એ આવશ્યક જાહેર સેવાને લગતી દૈનિક જરૂરિયાત મુજબની કાયમી પ્રકારની કામગીરી છે. આવી કામગીરીનો કોન્ટ્રાક્ટ ખાનગી એજન્સી મારફતે કરાવવાથી નગરપાલિકામાં સફાઈ કામદારોના મંજૂર

અનુ પાના નં.૨ પર

# વરસાદની સિઝનને ધ્યાનમાં રાખી ફૂડશાખાના ઠેર-ઠેર દરોડા

## ૭૧ધંધાર્થીઓને ત્યાં મહાનગરપાલિકાની તપાસઃ ૨૫ કિલો વાસી ખોરાકનો સ્થળ ઉપર નાશઃ ૧૯ હજારનો દંડ વસુલાયોઃ ખાદ્ય પદાર્થના પેકીંગમાં વપરાતી પસ્તીનો પણ કરાયો નાશ

**સમય સંદેશઃ જામનગર**

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી જામનગર શહેરમાં રોગચાળો વકરે નહીં તે માટે તંત્ર સતર્ક બન્યું છે. જામ્યુકોની ટીમ દ્વારા ફૂડ વિક્રેતા ઉપર રીતસરની તવાઈ બોલાવી ૭૧ પેઢી તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન વાસી તેલ, પસ્તીનો નાશ કરાવેલ છે. તેમજ ૨૫ કિલો વાસી જથ્થો અનહાઇજેનિક કંડીશનમાં જણાતા સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. કસૂરવાર વિક્રેતાઓ પાસેથી ૧૯,૦૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો. તંત્રની આ આકરી કાર્યવાહીને લઈ વિક્રેતાઓમાં સોંપો પડી ગયો છે.

જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયાના નિર્દેશ મુજબ શહેરમાં સ્વચ્છ અને આરોગ્યપ્રદ ખોરાક ઉપલબ્ધ રહે તે માટે ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં હોટલ, રેસ્ટોરન્ટ, ફરસાણ, ફાસ્ટફૂડ, પાનની દુકાનો અને આઈસ ફેક્ટરીઓમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી





હતી. તપાસ દરમિયાન વાસી અને અનહાઇજેનિક ખાદ્યસામગ્રીનો નાશ કરાવવાની સાથે દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની ટીમે વિવિધ વિસ્તારોમાં ફરસાણ અને ફાસ્ટફૂડના ૭૧ એકમોની તપાસ કરી હતી. તપાસ દરમિયાન ૪૫ કિલો વપરાયેલ ખાદ્ય તેલ, ૧૫ કિલો પ્રિન્ટેડ પસ્તી તથા ૨૫ કિલો વાસી ખાદ્ય જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. વેપારીઓને પ્રિન્ટેડ પસ્તીનો ઉપયોગ ન કરવા તેમજ ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત ૧૩ હોટલ, રેસ્ટોરન્ટ, ફરસાણ અને નોનવેજની દુકાનોમાં તપાસ દરમિયાન ૫૦ કિલો વાસી ખાદ્ય જથ્થો અનહાઇજેનિક હાલતમાં મળતા તેનો પણ નાશ કરાવવામાં આવ્યો હતો. સાથે જ ચાર આઈસ ફેક્ટરીઓમાં સ્વચ્છતા, હાઇજિન અને નિયમિત ક્લોરીનેશન જાળવવા સૂચના આપવામાં આવી હતી. પાણાખાણ વિસ્તારમાં આવેલી સાત પેઢીઓમાં કરાયેલા નિરીક્ષણ દરમિયાન સ્વચ્છતા, લાલ પડદો લગાવવા, કટિંગનું બિલ રાખવા અને ઘન કચરાના યોગ્ય નિકાલ અંગે સૂચના આપવામાં આવી હતી. ન્યૂસન્સ બદલ રૂ. ૧૪,૦૦૦નો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

ઓનલાઈન ફરિયાદના આધારે શરુ સેક્શન રોડ પર આવેલી સાંઈ બેકર્સમાં તપાસ દરમિયાન એક્સપાયરી ડેટના ૨૪ પેકેટ સ્થળ પર જ નાશ કરવામાં આવ્યા હતા અને સંચાલક સામે રૂ. ૫,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. બીજી તરફ, ઓનલાઈન ફરિયાદના આધારે મુલ્લા મેડી વિસ્તારમાં આવેલી ન્યુ બહાર પાન હાઉસમાં તપાસ કરી સ્વચ્છતા જાળવવા નોટિસ આપવામાં આવી હતી. ઉપરાંત પાનની ચટણી અને કાથાના બે સર્વેલન્સ નમૂનાઓ લઈ ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

# ચાંદીપુરા વાયરસથી સાવચેતી રાખવા દ્વારકા જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પગલા જાહેર

## ઘરની અંદર અને બહારની દિવાલોની તિરાડો પુરી દેવીઃ સ્વચ્છતા રાખવી

**સમય સંદેશઃ દ્વારકા**

૧૫ વર્ષથી નાના બાળકોમાં ફેલાતો ચાંદીપુરા વાયરસના ચેપને અટકાવવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગંભીરપણે કામગીરી કરી રહ્યું છે. આ વાયરસના ચેપને અટકાવવા માટે વિશેષ ટીમો સક્રિય રીતે મોનિટરિંગ કરી રહી છે. આ વાયરસથી ગભરાવાની જરૂર નથી, પરંતુ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે ચાંદીપુરા વાયરસની જાગૃતિ અંગે માર્ગદર્શિકા પણ જાહેર કરી છે.

સૌપ્રથમ આ વાયરસ ૧૯૬૫ માં મહારાષ્ટ્રના ચાંદીપુરા ગામમાં જોવા મળ્યો હતો. ૧૫ વર્ષથી નાના બાળકોમાં આ ચેપ જોવા મળે છે. લક્ષણો દેખાતા તાત્કાલિક તબીબી સારવાર લેવી જરૂરી હોય છે. કાચા ઘરોની દીવાલોની તિરાડો અને છીદ્રમાં આ ચેપ ફેલાવતી ઘાતક સેન્ડફલાય માખીઓ વિકસે છે. ચાંદીપુરા વાયરસ સેન્ડફલાય નામની અત્યંત નાની માખી કરડવાથી ફેલાય છે. આ ઘાતક માખીઓ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના કાચા ઘરોની દીવાલોની તિરાડો, છિદ્રો અને ભેજયુક્ત લીંપણવાળા વાતાવરણમાં જોવા મળે છે. આવી જગ્યાએ જ આ ચેપ ફેલાવતી માખીઓ ફુલેફાલે છે.

આ રોગમાં બાળકને શરૂઆતમાં અચાનક તીવ્ર તાવ આવે છે. તાવ આવ્યા બાદ સતત ઝાડા ઉલ્ટી થવી, શરીરમાં ખેંચ આવવી જેવા લક્ષણો જોવા મળે છે. પરિસ્થિતિ વધુ બગડતાં બાળક અર્ધબેભાન કે સંપૂર્ણ બેભાન પણ થઈ શકે છે.

આ લક્ષણો એટલા ઝડપી અને ઘાતક હોય છે કે જો આવા લક્ષણો દેખાયાના ૨૪ થી ૪૮ કલાકમાં તાત્કાલિક તબીબી સારવાર ન મળે તો બાળકનું મૃત્યુ થવાનું જોખમ પણ રહેલું છે.આ વાયરસથી રક્ષણ માટે ઘરની અંદર અને બહારની દીવાલોની તિરાડો અને છિદ્રોને સિમેન્ટ કે માટીથી પૂરી દેવા. ઘરમાં પૂરતો સૂર્યપ્રકાશ અને હવા-ઉજાસ મળી રહે તેવી વ્યવસ્થા કરો. ૧૫ વર્ષ સુધીના બાળકોને રાત્રે અને સૂતી વખતે જંતુનાશક મચ્છરદાનીમાં જ સુવડાવો. જો બાળકને તાવ, ઉલ્ટી, ખેંચ જેવા લક્ષણો જણાય તો વિલંબ કર્યા વિના નજીકની મેડિકલ કોલેજ હોસ્પિટલ કે જિલ્લા હોસ્પિટલમાં લઈ જવા. અસરગ્રસ્ત વિસ્તારોમાં જંતુનાશક પ્રક્રિયા હેઠળ ઘરોમાં ડસ્ટિંગ અને સ્પ્રેઇંગ કરવું. બાળકોને ખુલ્લા શરીરે ઘરની બહાર ધૂળ કે માટીમાં રમવા દેવા નહીં. ચેપ ફેલાવતી માખીઓ આ જગ્યાઓએ વધુ સક્રિય હોય છે. ઘરની આસપાસ કચરો કે ભેજ થવા દેવો નહીં. લક્ષણો જણાય ત્યારે ઘરગથ્થુ ઉપચારમાં સમય બિલકુલ બગાડવો નહીં અને તબીબી સહાય મેળવવી જોઈએ.

# સગીરાના અપહરણ મામલે પોલીસની બેદરકારીના વિરોધમાં દલિત સમાજ દ્વારા ધરણા-આવેદન





**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા દલિત સમાજ દ્વારા એસપી ડો.રવીમોહન સૈનીને કરાયેલી લેખિત રજૂઆત મુજબ તા.૭ જુલાઈના રોજ વિભાપર ગામમાંથી ૧૨ વર્ષની સગીરાનું અંદાજે ૪૫ વર્ષીય શખ્સ અપહરણ કરી ગયાની વિધિવત પોલીસ ફરિયાદ બાદ પણ હજુ સુધી દીકરીનો પત્તો લાગ્યો નથી અને આરોપી પોલીસ પકડમાં આવ્યો નથી. પોલીસ તપાસમાં ઢીલી નીતિ રાખતી હોવાના અને યોગ્ય ઉત્તર ન આપતી હોવાનો પણ રજૂઆતમાં આરોપ લગાવાયો છે. પીડિત પરિવારનો આક્ષેપ છે કે, જો પોલીસ ધારે તો ટેકનોલોજીની મદદથી આરોપીને ગણતરીના કલાકોમાં પકડી શકે છે, પરંતુ આ કેસમાં બેદરકારી દાખવવામાં આવી રહી છે. દીકરી સાથે કોઈ અણબનાવ બનશે તો પોલીસ અને સરકાર જવાબદાર રહેશે તેવું રજૂઆતના અંતમાં જણાવાયું છે. ધરણાં-રજૂઆત વેળાએ પ્રમુખ કે.જે.વાઘેલા, વકિલ આનંદભાઈ ગોહિલ, એન.વી. ગોહિલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com